Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale | Retail | Export | Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૪૪ ● સળંગ અંક : ૧૦૩૩ ● પ્રકાશિત તા-૧૧-૧૦-૨૦૨૪,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેક્શન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
● માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે.અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડૉ. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પ્લેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M : 9328274246 / 98982 74760

## ભારતના રત્ન રતન ટાટાના રાજકીય સમ્માન સાથે અંતિમ સંસ્કાર




દેશના દિગ્ગજ ઉદ્યોગપતિ રતનટાટનું ૮૬ વર્ષની વયે મુંબઈમાં નિધન થયું છે, તેમને મુંબઈની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.કહેવાય છે કે રતન ટાટા મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ હતા. તમને જણાવી દઈએ કે રતન ટાટાએ માર્ચ ૧૯૯૧થી ડિસેમ્બર ૨૦૧૨ સુધી ટાટા સન્સના ચેરમેન તરીકે ટાટા ગ્રુપનું નેતૃત્વ કર્યું હતું.

ગઈકાલે મોડી રાત્રા તેમનું નિધન થયું હતું તેમના નિધનના સમાચારથી સમગ્ર દેશમાં શોકની લાગણી ફેલાઇ ગઇ હતી રાષ્ટ્રપતિ,વડાપ્રધાન કેન્દ્રીય મંત્રીઓ વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો દેશભરના ઉદ્યોગપતિઓ ફિલ્મ જગતની હસ્તીઓએ તેમના નિધન પર ઉડા શોકની લાગણી વ્યકત કરી મુંબઈની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતાઃ અમિત શાહ સહિતના મહાનુભાવો અંતિમ સંસ્કારમાં હાજર રહ્યા હતી.રતન ટાટાના અંતિમ સંસ્કાર વર્લી સ્મશાન ઘાટમાં કરવામાં આવ્યા હતાં આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિતશાહ, વિવિધ રાજયોના મુખ્યમંત્રીઓ, ઉદ્યોગપતિઓ હાજર રહ્યાં હતાં આ પહેલા ટાટાના પાર્થિવને દર્શનાર્થે રાખવામાં આવ્યો હતો જેમાં અનેક લોકોએ તેમને અંતિમ શ્રધ્ધાંજલિ અર્પિત કરી હતી.

શિવસેના (શિંદે જૂથ)ના નેતા રાહુલ કનાલે ગુરુવારે એક પત્ર દ્વારા મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને ભારત સરકારને સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન' માટે ટાટા જૂથના ભૂતપૂર્વ અધ્યક્ષ રતન ટાટાના નામ પર વિચાર કરવાનો નિર્દેશ આપવા વિનંતી કરી હતી.

દશેરા સ્પેશિયલ

ફાફડા । જલેબી
અને શુદ્ધ ઘીની જલેબી

સ્વાદસભર પોષ્ટીક ગરમાગરમ નાસ્તાની રમઝટ
(જુના અને જાણીતા)
જયશ્રી ચામુંડા ફરસાણ સેન્ટર
ઉમિયા માતાજીના મંદિર પાસે, નવા વાડજ, અમદાવાદ.

દશેરા સ્પેશ્યલ
ફાફડા । જલેબી


(જુના અને જાણીતા)
કૃષ્ણ ફરસાણ કોર્નર
૧૦, નીલધારા શોપીંગ સેન્ટર, રમેશ દાળવડાની બાજુમાં, વ્યાસવાડી ચાર રસ્તા, નવા વાડજ.
M : 9898135489

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## આગામી ૧૨ ઓક્ટોબરે રંગારંગ કાર્યક્રમો સાથે

# અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલની શરૂઆત થશે

અમદાવાદ : શહેર એક સમૃદ્ધ ઐતિહાસિક વારસો ધરાવે છે. અહીં વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. અમદાવાદને એક અલગ ઓળખ આપવા, દેશભરના વ્યવસાયો, કલાકારો, કારીગરો અને કારીગરોના વિકાસ માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા, પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા અને શહેરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવા માટે, દશેરા, ૧૨મી ઓક્ટોબર ૨૦૨૪થી એક શોપિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે જે ઉત્તરાયણ, ૧૪મી જાન્યુઆરી ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણી ના જણાવ્યા મુજબ અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫ (ASF)નો ઉદ્દેશ્ય અમદાવાદને ખરીદીના શોખીનો માટે એક મુખ્ય શોપિંગ ડેસ્ટિનેશન તરીકે ઉન્નત કરવાનો છે. આ ફેસ્ટિવલ ચાર મુખ્ય શોપિંગ ડિસ્ટ્રિક્ટ સિંધુ ભવન રોડ, C.G. રોડ, નિકોલ મોડર્ન સ્ટ્રીટ, અને કાંકરિયા રામબાગ રોડ-અને સાબરમતી રિવરફ્રન્ટ, માણેક ચોક, લો ગાર્ડન, ગુર્જરી બજાર, સાયન્સ સિટી, વસ્ત્રાપુર, પ્રહલાદ નગર રોડ અને શોપિંગ મોલ્સ (દા.ત. અમદાવાદ વન મોલ પેલેડિયમ મોલ, ઈસ્કોન મેગા સીજી સ્કવેર, પેવેલિયન મોલ) સહિત ૧૪ નિયુક્ત હોટસ્પોટ્સ ખાતે ફેલાયેલો રહેશે શોપિંગ ફેસ્ટિવલ મુખ્ય પાંચ અનોખી થીમ પર આધારિત હશે, જે સહેલાણીઓની વિવિધ રુચિઓને પૂર્ણ કરશે. જેમાં ફૂડ ઝોન, શોપિંગ અને આર્ટિઝન ઝોન, મ્યુઝિક અને કલ્ચરલ એક્ટિવિટી ઝોન, સ્પોર્ટ્સ ઝોન અને એન્ટરટેનમેન્ટ ઝોન નો સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વ્યાપક લાઈટિંગ અને સજાવટ સાથે ઉત્સવની વન્ડરલેન્ડમાં પરિવર્તિત કરશે. ખાસ કરીને શોપિંગ ડિસ્ટ્રિક્ટ્સ, હોટસ્પોટ્સ, મહત્વપૂર્ણ ઈમારતો અને પુલો પર ધ્યાન કેન્દ્રિત કરશે. લાઈટ ટનલ, સેલ્ફી પોઈન્ટ્સ અને થીમ આધારિત લાઈટ ડેકોરેશન જેવા વિશેષ સ્થાપનો પ્રદર્શિત કરવામાં આવશે. મુલાકાતીઓની સગવડતા માટે, AMTS ડબલ ડેકર ઈલેક્ટ્રિક બસોને ઈવેન્ટ માટે બ્રાન્ડેડ કરવામાં આવશે અને ચોક્કસ રૂટ પર ઓપરેટ કરવામાં આવશે, જે શહેરના પ્રવાસો પ્રદાન કરશે અને શોપિંગ ડિસ્ટ્રિક્ટ્સમાં સરળ ઍક્સેસની સુવિધા આપશે. ASE ૨૦૨૪-૨૫ મ્યુઝિક ફેસ્ટિવલ, ફ્લી માર્કેટ્સ, સ્ટેન્ડ-અપ કોમેડી શો, શેરી-આધારિત સંગીત અને સાંસ્કૃતિક પ્રદર્શન, ફેશન શો, મેજિક શો, કવિતા વાંચન અને ગુજરાતી ફિલ્મોના સ્કીનિંગ સહિતની આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કરશે. વધુમાં, બોટ રેસિંગ, બૉક્સિંગ, મેરેથોન, સાયકલિંગ, હેપ્પી સ્ટ્રીટ ઈવેન્ટ્સ, રોબો ફાઈટ, ડ્રોન શો અને ફાયર શો જેવી રમત-ગમતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. ઉત્સાહ વધારવા માટે, ખરીદદારો ભારે ડિસ્કાઉન્ટનો આનંદ લઈ શકે છે, લકી ડ્રોમાં ભાગ લઈ શકે છે અને આકર્ષક ઈનામો જીતવાની તક સાથે કૂપનનો લાભ લઈ શકે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તમામ નાગરિકો, મુલાકાતીઓ અને શોપિંગ ઉત્સાહીઓને અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫માં ભાગ લેવા અને એક અજોડ ઉત્સવની ઉજવણીનો અનુભવ કરવા આમંત્રણ આપે છે, જે આ શહેર માટે એક સીમાચિહ્નરૂપ ઘટના બની છે. આ ઉપરાંત મ્યુઝિક ફેસ્ટિવલ, ફ્લી માર્કેટ્સ, સ્ટેન્ડ-અપ કોમેડી શો, શેરી-આધારિત સંગીત અને સાંસ્કૃતિક પ્રદર્શન, ફેશન શો, મેજિક શો, કવિતા વાચન અને ગુજરાતી ફિલ્મોના સ્કીનિંગ સહિતની આકર્ષક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. વધુમાં, બોટ રેસિંગ, બૉક્સિંગ, મેરેથોન, સાયકલિંગ, હેપ્પી સ્ટ્રીટ ઈવેન્ટ્સ રોબો ફાઈટ, ડ્રોન શો અને ફાયર શો જેવી રમત- ગમતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે. અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ - ૨૦૨૪-૨૫ નો પ્રારંભ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત.સરકાર પ્રવાસન વિભાગ દ્વારા તારીખ ૧૨ ઓકટોબર ૨૦૨૪ ના રોજ સિંધુ ભવન ખાતે સાંજે ૬ થી ૯ દરમિયાન ૫૦ થી ૬૦ મિનિટ માટે રંગારંગ કાર્યક્રમો, લાઈટિંગ સજાવટથી કરવામાં આવશે.

# મ્યુનિસિપલ કોર્પોરેશન નગરી હોસ્પિટલ પાસે અર્બન હાઉસ બનાવશે

## બાંધકામની પરવાનગી, ઝોનિંગ સર્ટીફીકેટ, ટી.પી.ના કામ માટે સિંગલ વિન્ડો તૈયાર થશે : દેવાંગ દાણી

અમદાવાદ શહેરમાં ટી.પી.સ્કીમોના અમલ, બાંધકામની પરવાનગીના કામો, ઝોનિંગ સર્ટીફીકેટ, આમ જમીન મકાનની વિવિધ પરવાનગીઓ માટેની કચેરીઓ અલગ અલગ જગ્યા એ સ્થાપિત છે.ખાસ કરીને ટી.પી. કચેરીઓ સમગ્ર અમદાવાદમાં ફેલાયેલી છે.આ તમામ કચેરીઓ એકજ જગ્યાએ સ્થાપિત થાય અને સિંગલ વિન્ડો કલીયરન્સ શકય બને તેમજ સંકલન ઝડપથી થાય તે હેતુસર અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના વર્ષ ૨૦૨૪-૨૫ ના સ્ટેન્ડીગ કમિટી દ્વારા ફાળવેલ બજેટમાં અર્બનહાઉસ બનાવવાના કામનો સમાવેશ કરવામાં આવ્યો છે. મ્યુનિસિપલ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીના જણાવ્યા મુજબ પશ્ચિમઝોનના નવરંગપુરાવોર્ડમાં ટી.પી.નં.૩ એલીસબ્રીજ(ચંગીસપુર), ફા.પ્લોટ નં.૪૪૧ના પ્લોટમાં, એન.સી.સી. સર્કલથી નગરી હોસ્પીટલ જવાના રોડ ઉપર "અર્બનહાઉસ" બનાવવામાં આવશે. "અર્બનહાઉસ"નો પ્લોટ એરીઆ ૫૩૦૪ ચો. મી તેમજ બિલ્ટઅપ એરીઆ ૨૬,૩૬૦.૦૦ ચો.મી રહેશે. જેમાં બે બેઝમેન્ટ તથા G+09 ફલોર, કુલ ગ્રીન એરીઆ-૧૦૫૫ ચો.મી., રૂફ એરીઆ ગ્રીન - ૧૩૮ ચો.મી.તૈયાર કરવામાં આવશે. અર્બન હાઉસમાં બી.પી.એસ.પી. વિભાગની, સીટી પ્લાનીગ તથા ટી.ડી.ઓ. વિભાગની, નગરરચના અધિકરીની ઓફિસ, ડોક્યુમેન્ટ માટેના સ્ટોરેજ-રેકર્ડ રૂમ,ટ્રેનીગ સેન્ટર, જી.આઈ.એસ.સેલ, સર્વર રૂમ, કાફેટેરીયા, ટેરેસ ગાર્ડન-કેન્ટીન તેમજ મ્યુનિ.કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓની ઓફિસ બનાવવાનું પ્લાનીગ કરવામાં છે. જેમાં બે બેઝમેન્ટ માં કુલ ૧૪૦ નંગ ફોરવ્હીલર તથા ૧૧૮૪ નંગ ટુવ્હીલરના પાર્કિંગ બનાવવામાં આવશે. ઈન્ડીયન ગ્રીન બિલ્ડીગ કાઉન્સીલના રેટીગ મુજબ પ્લેટીનમ રેટીગનું સર્ટીફીકેશન મુજબનું પ્લાનીગ કરેલ છે. જેમાં સોલર જનરેશન, જળ સંરક્ષણ, એનર્જી સેવીગ, ઈન્ડુર એન્વાર્યમેન્ટ કવોલીટી, સર્ટીફાઈડ ગ્રીન બિલ્ડીગ મટીરીયલનો ઉપયોગ, વેસ્ટવોટર રિયુઝ વગેરે જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવી છે. મ્યુનિ.સિટી ઈજનેર હરપાલસિંહ ઝાલાનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, અર્બન હાઉસ બનાવવા માટે રૂા.૫૨.૧૫ કરોડનો ખર્ચ થશે. જયારે તેમણે ફર્નીચર બનાવ્યા બાદ કુલ ખર્ચ રૂા.૭૬ કરોડ થશે. અર્બન હાઉસના ૯માં માળે ટેરેસ ગાર્ડન અને કેન્ટીન તૈયાર કરવામાં આવશે. અર્બન હાઉસના પહેલા માળે સુએઝ ફાર્મ, બીજા માળે એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ અને ત્રીજા માળે ફી કલાર્ક અને આસિસ્ટન્ટ ટીડીઓ, ચોથા માળે ટ્રેનિંગ સેન્ટર અને કેફેટ એરિયા તૈયાર કરવામાં આવશે. જયારે ૮મા માળે મ્યુનિ.કમિશનર અને વીઆઈપી ઓફિસો બનાવવામાં આવશે.


દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## જવાબદાર કોણ હાઉસિંગ બોર્ડ કે તંત્ર ?

# રિડેવલપમેન્ટ પોલિસીને વેગ આપવામાં નીરસતા !

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

### અધિકારીઓના સ્ટાફ અછત અને પ્રાથમિકતાના કારણો ધરી કામને લટકાવવું, કેટલાક માથાભારે તત્વો મોટા મકાન બનાવી રિડેવલપમેન્ટમાં સંમત સભ્યોને ડરાવી નિયમ મુજબ બહુમત થવા દેતા નથી તો કાયદાનો દંડો ફટકારવો જોઈએ...

અમદાવાદ : ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં સરકારી જમીન પર બનેલ કોલોનીઓના રિડેવલપમેન્ટ માટે જાહેર કરાયેલ પોલિસી ૨૦૧૬ માં હજી જોઈયે તેવી સફળતા મળી રહી નથી.૨૦૧૬ થી ૨૦૨૪ સુધીમાં જોવા જઈએ તો આંગળી વેઢે ગણી શકાય તેટલી સોસાયટી એ જ લાભ લીધો છે અને તે પણ તે સોસાયટીઓના આગેવાનોની પ્રબળ ઈચ્છાશક્તિને કારણે શક્ય બનેલ છે. બાકી સરકારી તંત્ર તો ગોકળગાયની ગતિએ કાર્ય કરી રહ્યું છે.

એક ચર્ચા મુજબ ગત વર્ષ ૨૦૨૨માં હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશન અને અલગ અલગ સંગઠનો દ્વારા કરાયેલ આંદોલન અને તે દરમ્યાન દર્શાવેલ સૂચનો પર પ્રજાલક્ષી જરૂરી સુધારા બાદ હાલમાં ટેન્ડરમાં સરળતા છે, પણ કાર્ય પદ્ધતિમાં કોઈ બદલાવ નથી.કેટલીક સોસાયટીઓના મૌખિક સંમતિ પર ટેન્ડર પાડી બિલ્ડર ફાળવી વર્ક ઓર્ડર (એલઓએ) પણ આપી દેવાયા છે. જ્યારે કેટલીક સોસાયટીઓ તો સંમતિ નિયમ મુજબ લેખિત આપી છે તેમ છતાં તેમના ટેન્ડર પ્રકાશિત થતાં નથી, કેટલીક સોસાયટીઓમાં ટેન્ડર પ્રકાશિત કર્યા છે પણ ઈન્ડીકેટિવ પ્લાન બોર્ડ દ્વારા અપાયેલ નથી તો કેટલીક સોસાયટીઓમાં કોલોનીઓ દ્વારા ઈન્ડીકેટિવ પ્લાન સહી સિક્કા કરી આપી દીધા છે અને મહિનાઓ વિતી ગયા તો પણ કોરીજેન્ડમ કરાતા નથી, વગેરે ફરિયાદો સોસાયટીના અગ્રણીઓ અને જાણકાર રહીશો કરી રહ્યાં છે.

અધિકારીઓના સ્ટાફ અછત અને પ્રાથમિકતાના કારણો ધરી કામને લટકાવવામાં આવતું હોય તેવું લાગે છે. કેટલાક પ્રશ્નો એવા પણ જનમાનસમાં ચર્ચાય છે કે આવું જાણી જોઈને પણ કરાતું તો નહિ હોય ને! હાલ ૫ કે ૭ કે ૧૦ બિલ્ડર્સ છે તો અધિકારીઓ તેમને ગોળ ગોળ ફેરવી શકે પણ જો એક સાથે ૨૫-૩૦ બિલ્ડર્સ આવી ગયા તો તેઓ એક થઈ જશે અને અધિકારીઓનું વર્ચસ્વ ઘટી જશે કે મલાઈની આવક બંધ થઈ જશે. પ્રજા મતમાં ફેલાતી આશંકા જો સાચી હોય તો કોઈની લાલચમાં જરૂરિયાતવાળી નિર્દોષ પ્રજાને હેરાન થવા દેવાની, જર્જરિત મકાનોમાં મરવા દેવાની! જેવા અનેક સવાલો ઉપસ્થિત થઈ રહ્યા છે.

કેટલીક ઈડબલ્યુએસ, એલઆઈજી કે એમઆઈજી જેવી સોસાયટીઓમાં બિલ્ડર ફાળવાયા પછી કેટલાક માથાભારે તત્વો મોટા મકાન બનાવી રિડેવલપમેન્ટમાં સંમત સભ્યોને ડરાવી નિયમ મુજબ બહુમત થવા દેતા નથી તો અધિકારીઓ તેના માટે બિલ્ડર કે એસોસિયેશન પર જવાબદારી કે દોષનો ટોપલો ઢોળી દેતા હોય છે, પણ કાયદા મુજબ મળેલ પોતાની સત્તા કે સ્પેશ્યલ સુઓમોટોનો ઉપયોગ કરી ચોક્કસ કિસ્સાઓમાં અસંમત સભ્યોના વધારાના બાંધકામ કેમ તોડતા નથી. પોતાની ફરજો અને જવાબદારીમાંથી છટકી જવાનું અને બધું તૈયાર થાય એટલે આગળ આવી નિયમો ફરજો બતાવવાની.નિયમો મુજબ બિલ્ડર્સ કે એસોસિયેશનને દબાવવાનો પ્રયાસો પ્રત્યક્ષ પરોક્ષ કરવાના, આવી પરિસ્થિતિઓ ઊભી કરવા પાછળના અધિકારીઓના હેતુ શું હોઈ શકે એતો બધા સમજી જ ગયા હશો. કેમ બોર્ડ લેવલે ચોક્કસ ઠરાવો રિડેવલપમેન્ટ માટે બનાવતા નથી, જેવા કે રિડેવલપમેન્ટમાં ગયેલી સોસાયટીમાં અસંમત સભ્યોનું કે બધાનું વધારાનું બાંધકામ તોડી પાડવામાં આવે.વધારાના બાંધકામવાળા મકાનની સંમતી લેવી જ નહિ કે ટકાવારીમાં ગણાશે જ નહી. ૧૦૦% સંમતિ કરવામાં પણ ગુ.હા.બોર્ડની જવાબદારી ત્રીજા પક્ષ તરીકે હોવી જ જોઈએ અને તે માટે સરકારી તંત્ર પણ અગ્રેસર રહેવું જોઈએ. બિલ્ડર ભાડાનું રિસ્ક લે છે માટે બિલ્ડર ને નુકશાન થાય છે પણ સમયસર પોતાની જવાબદારી પૂરી ના કરતા અધિકારી કેમ દંડાતા નથી. કેટલીક સોસાયટી તો અધિકારીઓએ પોતાના અહમ કે સ્વાર્થ ના સધાતા કે અધિકારી રાજ ડર બતાવવા જાણી જોઈને ચુંથી નાખી હોય તેવું પણ સ્થાનિક લોકો અને બિલ્ડર લોબીમાં ચર્ચાઈ રહ્યું છે. જો કાર્યમાં દરેક વખતે સ્ટાફનું બહાનું આપી છટકી જવું હોય કે જવાબદારીમાં નથી આવતું તેમ કહી છટકવું હોય તો તેવા અધિકારીઓને નોકરીની જવાબદારી પણ ના આપી છૂટા કરી દેવા જોઈએ. અને સ્ટાફ ભરતી ના કરી શકતી કે પ્રાથમિકતા નક્કી કરી શકતી ના હોય તેવી સંસ્થાને તાળું મારી દેવું વધુ સારું રહેશે અને જમીન ભાડે પટ્ટે થી દુર કરી પ્રજાને લોકાર્પણ રીતે મુક્ત કરી દેવી જોઈએ.

## ઓગણજ પાસે ગરબામાં વહેલી સવારે ફાયરિંગ

અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર ઓગણજ સર્કલ નજીક મંડળી ગરબામાં વહેલી સવારે ચાલુ ગરબા દરમિયાન ફાયરિંગ થયું હતું. વહેલી સવાર સુધી ચાલતા ગરબામાં સવારે ૬:૧૫ વાગ્યે કોઈ કારણસર બે જૂથ વચ્ચે ચાલુ ગરબામાં માથાકૂટ બાદ ઈન્ચાર્જ સિક્યોરિટીએ સુરક્ષાના કારણોસર ફાયરિંગ કર્યું હતું. અમદાવાદના સરદાર પટેલ રિંગ રોડ પર ઓગણજ સર્કલ નજીક મંડળી ગરબામાં વહેલી સવારે ચાલુ ગરબા દરમિયાન ફાયરિંગ થયું હોવાની ઘટના બની હતી, જેમાં ખેલૈયાઓમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. ગરબા રમવા બાબતે બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી. ઝઘડો થયો હોવાથી ગરબાના સિક્યોરિટી ઈન્ચાર્જ દ્વારા હવામાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઝઈૅના મંડળી ગરબા આયોજનમાં ભૂતકાળમાં પણ વિવાદ થયા છે. ચાર વર્ષ પહેલાં ઝઈૅ મંડળી ગરબામાં મારામારી થઈ હતી, જે મામલે પોલીસે ગુનો નોંધી ત્રણ લોકોની ધરપકડ પણ કરી હતી. સેક્ટર ૧ જેસીપી નીરજ બડગુજરે જણાવ્યું હતું કે હવામાં ફાયરિંગ કરનાર સિક્યોરિટી ઈન્ચાર્જ નિવૃત્ત ડીવાયએસપી એમ.કે. રાણાના પુત્ર છે. જેઓ આ કેસમાં ફરિયાદી બની રહ્યા છે અને હાલ ફરિયાદ કરવાની કાર્યવાહી ચાલુ છે. જ્યારે ઝોન ૧ ડીસીપી હિમાંશુ વર્માએ જણાવ્યું હતું કે મંડળી ગરબામાં થયેલા ફાયરિંગ મામલે સિક્યોરિટી ઈન્ચાર્જ દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગુરુવાર વહેલી સવારે ગરબા પૂરા થવાની તૈયારી હતી. ત્યારે બે ગ્રુપ વચ્ચે ઝઘડો થયો હતો અને એમાં ઝપાઝપી થઈ રહી હતી. વધારે ઘર્ષણ ન સર્જાય અને મામલો ઉગ્ર બને નહીં એ માટે સિક્યોરિટી ઈન્ચાર્જ દ્વારા હવામાં એક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. લાઈસન્સવાળી રિવોલ્વર અને તેમની પાસે સિક્યોરિટીનો કોન્ટ્રેક્ટ હોવાથી વધારે ઝઘડો ન વધે અને લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

## ખાનગી ડોકટરો દર્દીઓને એસવીપીમાં દાખલ કરી સારવાર કરી શકશે

એસવીપી હોસ્પિટલમાં વીઝીટીગ કન્સલન્ટ તરીકે સેવા આપતા ખાનગી ડોકટરો હવે તેમના દર્દીઓને હોસ્પીટલમાં દાખલ કરી શકશે. ખાનગી પ્રેકટીસ કરતા અને હોસ્પીટલમાં વીઝીટીગ કન્સલટન્ટ તરીકે સેવા આપતા ૩૦ ડોકટરો સાથે હોસ્પિટલે એમઓયુ કર્યા છે. જેમાં ડોકટરો તેમના દર્દીને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં દખાલ કરી તેમની સારવાર કરી શકશે. જેમાં દર્દીઓ હોસ્પિટલને આઅપવાનો રહેશેને ડોકટરને વીઝીટીગ ફી તથા ઓપરેશન સહીતનો ખર્ચ હોસ્પિટલ દ્વારા ચુકવવામાં આવશે. હોસ્પિટલમાં દર્દીઓની ઓછી સંખ્યાના પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. ખાનગી ડોકટરોના દર્દીઓને હોસ્પીટલમાં સારવાર માટેની છુટ બાદ દર્દીઓની સંખ્યામાં વધારો થવાની શકયતા છે. પ્રાપ્ત માહિતી અનુસાર એસવીપી હોસ્પિટલમાં વીઝીટીગ કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવતા અને ખાનગી પ્રેકટીસ કરતા ૩૦ જેટલા ડોકટરો સાથે હોસ્પીટલ દ્વારા એમઓયુ કરવામાં આવ્યા છે. જેમાં આ ડોકટરો સાથે હોસ્પિટલ દ્વારા એમઓયુ કરવામાં આવ્યા છે. જેમાં આ ડોકોટરો તેમના ખાનગી હોસ્પિટલમાં આવતા દર્દીઓને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં દાખલ કરી શકશે. આ નિર્ણયથી એસવીપી હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં વધારો થશે અને મેડીકલ કોલેજના વિધાર્થીઓને અલગ અલગ કેસોમાં વધારે શીખવા મળશે. જેથી આવા કેસમાં દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ તેનો ખર્ચ દર્દીએ હોસ્પિટલને ચુકવવાનો રહેશે. આમ દર્દી દાખલ થયા બાદ તે રજા લઈને જાય ત્યાં સુધીની સારવારનો ખર્ચ હોસ્પિટલમાં જ જમા કરાવવાનો રહેશે. બીજી બાજુ,હોસ્પિટલ દ્વારા આ ડોકટરોને વીઝીટીગ અને ઓપરેશન ફી નકકી કરવામાં આવેલી છે તે ચુકવવામાં આવશે. એટલે દર્દી દાખલ થયા બાદ હોસ્પીટલને ચુકવણી કરશે એન તેમાંથી નકકી કરેલા દર અનુસાર ડોકટરોને વીઝીટીગ ફી ઓપરેશન ફી સહીતના અન્ય તમામ પ્રકારની ચુકવણી હોસ્પિટલ દ્વારા કરાશે. જોકે, આ સુવિધા માત્ર સ્પેશીયલ રૂમ, સેમી સ્પેશીયલ રૂમ અને વીઆઈપી રૂમ માટે જ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાનું પણ જાણવા મળે છે. દર્દીઓ મોટે આયુષ્યમાનકાર્ડ અને મેડીકલેમ સુવિધા પણ પોતાના હોસ્પિટલમાં વધુ દર્દીઓ હોય ત્યારે એસવીપીમાં દર્દીઓને દાખલ કરી સારવાર કરી શકાશે.


Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીંગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફલેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

# વાડજ પોલીસ સ્ટેશન ખાતે પ્રમોશન મેળવનાર પોલીસ કર્મચારીઓની રેન્ક સેરેમની યોજાઈ



અમદાવાદ : તાજેતરમાં પોલીસ કમિશનર જી એસ મલિક દ્વારા અમદાવાદ શહેર પોલીસમાં ફરજ બજાવતાં કુલ ૩૪૫ અનાર્મ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી હતી, જે અંતર્ગત વાડજ પોલીસ સ્ટેશન ખાતે ઝોન-૧ ની અધ્યક્ષતામાં બી ડિવિઝન હેઠળ આવતા પોલીસ સ્ટેશનના પ્રમોશન મેળવનાર કર્મચારીઓની રેન્ક સેરેમની યોજવામાં આવી હતી, આ પ્રસંગે વિવિધ પોલીસ સ્ટેશનના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર અને મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

તમને જણાવી દઈએ કે આ અગાઉ ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી માંડીને એએસઆઈનું પ્રમોશન મળે ત્યારે તેમને મળતા બેઝ અગાઉ તે જાતે જ લગાવતા હતા. જયારે પીએસઆઇ ઉપરના રેક્રમાં મળતા પ્રમોશનના બેઝ ઉચ્ચ અધિકારીઓ દ્વારા લગાવવામાં આવતા હતા. પરંતુ, હવે કોન્સ્ટેબલથી માંડીને હેડ કોન્સ્ટેબલને પ્રમોશન સાથે ઉત્સાહ વધે તે માટે રેક્ર સેરેમની શરૂઆત કરવામાં આવી છે. આ પ્રકારની કામગીરી ગુજરાતમાં પ્રથમવાર કરવામાં આવી રહી છે.

# CM ભુપેન્દ્ર પટેલના હસ્તે પશ્ચિમ લોકસભાના સાંસદ દિનેશ મકવાણાનું કાર્યાલય ખુલ્લું મુકાયું





અમદાવાદ : અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદ દિનેશ મકવાણાના કાર્યાલયનું રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ઉદઘાટન કરવામાં આવ્યું હતું. શહેર ભાજપ કાર્યાલય ખાનપુર ખાતે સાંસદ દ્વારા કાર્યાલય બનાવવામાં આવ્યું છે. આ પ્રસંગે શહેરના અધ્યક્ષ અને ધારાસભ્ય અમિતભાઈ પી શાહ, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયા, સહિત ભાજપ સંગઠનના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે દિનેશ મકવાણાએ જણાવ્યું હતું કે, મારી લોકસભા વિસ્તારમાં બે વિધાનસભામાં ભાજપના ધારાસભ્યો નથી. લોકો કેન્દ્ર, રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અનેક પ્રશ્નો લઈને આવતા હોય છે, જેના નિરાકરણ માટે કાર્યાલય ખોલવામાં આવ્યું છે.સવારે ૧૦:૩૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી દરરોજ કાર્યાલય ચાલુ રહેશે. દિલ્હી અથવા તો પાર્ટીના કોઈ કાર્યક્રમ નહીં હોય ત્યારે હું પણ કાર્યાલય ખાતે હાજર રહીશ.


# મ્યુનિ. કોર્પોરેશન નાગરિકોને વિનામૂલ્યે કાપડની બેગ આપશે

મ્યુનિ. સ્ટેન્ડિગ કમિટિ ચેરમેન દેવાંગભાઈ દાણીના જણાવ્યા મુજબ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પ્લાસ્ટિકની થેલીઓ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે જેનો ચુસ્તાપણે અમલ થાય તો માટે ટુંક સમયમાં જ નાગરિકોનો કાપડની થેલીઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. મ્યુનિ. કોર્પોરેશન ૧૦ સ્થળે વિડીયો મોનીટરીંગ સીસ્ટમ ઈન્સ્ટોલ કરશે જેના કારણે શહેરની ટ્રાફિક અને હવામાન સહિતની તમામ વિગતોનું સતત મોનીટરીંગ થતું રહેશે. કોર્પોરેશન દ્વારા શહેરના તમામ નાના મોટા જંકશનો પર અને તમામ બ્રીજ પર સીસીટીવી લગાવવામાં આવ્યા છે આગામી સમયમાં વધુ ૨ હજાર સીસીટીવી ખરીદી કરવામાં આવશે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતુ

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.